Gujarat Narmada Valley
Fertilizers & Chemicals Limited
CIN : L24110GJ1976PLC002903
An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company
P.O Narmadanagar - 392015, Dist. Bharuch, Gujarat, India
Ph. (02642) 247001, 247002 Website: www.gnfc.in

NO. SEC/SH/SE/
August 01, 2026

| | |
|---|---|
| Dy. General Manager | The Manager |
| BSE Limited | Listing Department |
| Corporate Relationship Dept., | National Stock Exchange of India Limited |
| 1st Floor, New Trading Ring, | Exchange Plaza, |
| Rotunda Bldg., | C-1, Block - "G", |
| PJ Towers, Dalal Street, Fort, | Bandra-Kurla Complex, Bandra (E), |
| Mumbai - 400 001 | Mumbai - 400 051 |
| Scrip Code: "500670" | Symbol: "GNFC" |

Dear Sir/Madam,

**Sub.: Notice to Shareholders of the Company regarding transfer of Equity Shares to Investor Education and Protection Fund (IEPF) Account.**

---

In accordance with section 124 (6) of the Companies Act, 2013 read with Rule 6 of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended from time to time, the Company has published the Notice in respect of the captioned subject in the Vadodara Edition of "Loksatta Jansatta".

We submit herewith copy of the Notice published in the Newspaper, pursuant to the Regulation 30 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

The advertisement is also being made available on the Company's website at www.gnfc.in.

We request you to kindly take note of the above.

Thanking you.

Yours faithfully,
For Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited

RAJESH PILLAI

Digitally signed by RAJESH PILLAI
DN: c=IN, o=Personal,CID - 7107362,
2.5.4.20=042b0bdcb8c11aba84828920109f2323d2944df241e7922e073d3bffd738a0ab,
postalCode=392015, st=Gujarat,
serialNumber=13ae34ce7af0c4ecd1c281089da3bc0f56245ddcbb7d75ea1ae394f2b77790f6, cn=RAJESH PILLAI
Date: 2026.08.01 14:39:30 +05'30'

Rajesh Pillai
Company Secretary & Compliance Officer

Encl.: As above

જૂન ૨૦૨૫ અને મે ૨૦૨૬ વચ્ચે વ્યવહારોનું પ્રમાણ ઝડપથી વધ્યું : એક વર્ષમાં વ્યવહારો ત્રણ ગણા વધ્યા

# ડિજિટલ પેમેન્ટમાં 'ભીમ'ની મોટી છલાંગ

## સામાન્ય લોકો તેમની નિયમિત ખરીદી અને રોજિંદા જીવન માટે ડિજિટલ ચૂકવણી તરફ આગળ વધી રહ્યા છે



નવી દિલ્હી, તા.૩૧

ભારતમાં ડિજિટલ પેમેન્ટ રોજિંદા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. રોકડને બદલે સ્માર્ટફોન પેમેન્ટનો ઉપયોગ વધુને વધુ થઈ રહ્યો છે. આ મજબૂત વલણ NPCI BHIM સર્વિસીસ લિમિટેડ (NBSL) દ્વારા વિકસાવવામાં આવેલી મ્ઉૅઁસ પેમેન્ટ્સ એપના ડેટામાં પ્રતિબિંબિત થાય છે. ગયા વર્ષે આ એપ દ્વારા વ્યવહારોની સંખ્યા ત્રણ ગણાથી વધુ વધી ગઈ છે.

જૂન ૨૦૨૫ અને મે ૨૦૨૬ વચ્ચે વ્યવહારોનું પ્રમાણ ઝડપથી વધ્યું છે. જૂન ૨૦૨૫માં પ્લેટફોર્મ પર ૭૯.૬૪ મિલિયન વ્યવહારો થયા હતા, પરંતુ મે ૨૦૨૬માં આ આંકડો વધીને ૨૪૪ મિલિયન થયો છે. પ્લેટફોર્મે માત્ર વ્યવહારોની સંખ્યાની દ્રષ્ટિએ જ નહીં પરંતુ મૂલ્યની દ્રષ્ટિએ પણ એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. ડેટા અનુસાર, ફક્ત મે ૨૦૨૬માં ભીમ એપ દ્વારા કુલ ૨૬,૯૫૨ કરોડ રૂપિયાના વ્યવહારો પ્રક્રિયા કરવામાં આવ્યા છે.

આ રાષ્ટ્રીય તેજી રાજ્યોમાં પણ પ્રતિબિંબિત થાય છે. ઉદાહરણ તરીકે, તેલંગાણામાં જૂન ૨૦૨૫ અને મે ૨૦૨૬ વચ્ચે તેના વ્યવહારોનું પ્રમાણ ત્રણ ગણું વધ્યું.

NBSL ના MD અને ઝઈ લલિતા નટરાજના જણાવ્યા અનુસાર, તેલંગાણામાં BHIM એપનો મજબૂત વિકાસ દર્શાવે છે કે સામાન્ય લોકો તેમની નિયમિત ખરીદી અને રોજિંદા જીવન માટે ડિજિટલ ચુકવણી તરફ વધુને વધુ આગળ વધી રહ્યા છે.

ભીમ એપની સરળ અને સુલભ ટેક્નોલોજી તેની સફળતાનું એક મુખ્ય કારણ છે. લલિતા નટરાજના મતે, ગ્રાહકો વધુને વધુ અનુકૂળ ચુકવણી વિકલ્પો અપનાવી રહ્યા છે, તેથી કંપની એવા ઉકેલો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જે સરળ, સીમલેસ અને દરેક વપરાશકર્તા માટે સુલભ હોય. આ એપ પ્રાદેશિક અને ભાષાકીય રીતે પણ લોકપ્રિય થઈ રહી છે. તે તેલુગુ સહિત ૧૫ થી વધુ પ્રાદેશિક ભાષાઓને સપોર્ટ કરે છે. વધુમાં, તે ઓછી ઈન્ટરનેટ કનેક્ટિવિટી ધરાવતા વિસ્તારોમાં પણ સરળતાથી કામ કરવા માટે તકનીકી રીતે ડિઝાઈન કરવામાં આવી છે. આ સુવિધા ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ડિજિટલ ચુકવણીનો વ્યાપક સ્વીકાર કરી રહી છે. એકંદરે, ભીમ એપ ડેટામાં આ નોંધપાત્ર વૃદ્ધિ ભારતમાં ડિજિટલ અર્થતંત્રના મજબૂત પગપેસારો દર્શાવે છે. રોજિંદા ખરીદી માટે એપનો વધતો ઉપયોગ, તેનું મજબૂત ટેકનિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રાદેશિક ભાષાઓમાં તેની ઉપલબ્ધતા સૂચવે છે કે કેશલેસ વ્યવહારો ટાયર ૨, ટાયર ૩ અને ગ્રામીણ વિસ્તારોમાં વધુ વિસ્તરશે.ગયા વર્ષે આ એપ દ્વારા વ્યવહારોની સંખ્યા ત્રણ ગણાથી વધુ વધી ગઈ છે.ડેટા અનુસાર, ફક્ત મે ૨૦૨૬માં ભીમ એપ દ્વારા કુલ ૨૬,૯૫૨ કરોડ રૂપિયાના વ્યવહારો પ્રક્રિયા કરવામાં આવ્યા છે.

અંબિકા નદી બે કાંઠે વહેતાં સેલંબા-ગોટપાડા બ્રિજ પર વાહનવ્યવહાર બંધ

# સાગબારા તાલુકામાં અતિભારે વરસાદથી નદી-નાળાં છલકાયાં

## સેલંબા ગામના ત્રણ કોઝવેને ભારે નુકસાન પહોંચ્યું

રાજપીપળા,તા.૩૧

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકામાં ૩૧ જુલાઈના સવારથી જ અતિભારે વરસાદ વરસતાં સમગ્ર પંથકમાં જનજીવન પ્રભાવિત બન્યું હતું.

ત્યારે ભારે વરસાદ વચ્ચે સેલંબા ગામમાંથી પસાર થતી અંબિકા નદીમાં ઉપરવાસમાંથી મોટો જળજથ્થો આવતાં નદી ગાંડીતૂર બની હતી.સેલંબા-ગોટપાડા બ્રિજ પર પાણી ફરી વળતાં સુરક્ષાના કારણોસર આ માર્ગ પરની તમામ અવરજવર બંધ કરી દેવામાં આવી હતી. આ જળબંબાકારની સ્થિતિ વચ્ચે પાણીના તીવ્ર વહેણમાં એક ખાણી પીણીની લારી પણ તણાઈ ગઈ હતી.

બીજી તરફ, સેલંબા ગામના ત્રણ કોઝવે (નાના બ્રિજ) ને ભારે નુકસાન પહોંચ્યું હતું, જેના કારણે સ્થાનિક રહીશો અને ગામજનો અટવાઈ પડ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં સેલંબા ગ્રામ પંચાયત, સ્થાનિક પોલીસ સ્ટાફે સતત વરસી રહેલા વરસાદ વચ્ચે યુદ્ધના ધોરણે રાહત કામગીરી શરૂ કરી હતી.જેસીબીની મદદથી ત્રણેય કોઝવે અને અંબિકા નદીના મુખ્ય પુલ પાસે અટવાયેલો કચરો તથા ઝાડની ડાળીઓ હટાવીને પાઈપો ખુલ્લા કરાયા હતા.વરસાદ ધીમો પડતાં જ પાણી ઉતર્યા બાદ સફાઈ પૂર્ણ કરી માર્ગને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો કરી દેવાયો હતો.


**GUJARAT HOUSING BOARD**
Office of the Housing Commissioner.
Gujarat Housing Board, Pragatinagar,
Naranpura, Ahmedabad-380013
E-tender
**SHORT TERM TENDER NOTICE**
**(7th Attempt)**

Division office of the Executive Engineer, Gujarat Housing Board, Vadodara under the Housing Commissioner, Gujarat Housing Board, Pragatinagar, Naranpura, Ahmedabad-380013 invites online tender as under from:-

| Name of Work | Estimated cost (Rs.) | 1) Tender Fee 2) EMD (Rs.) | Date & time of upload & submission of tender |
|---|---|---|---|
| WORK OF CLEANING AND REPAIRING OF 163 MIG FLATS AND ALLIED SERVICES OF GUJARAT HOUSING BOARD AT TARSALI, VADODARA | Rs. 36,03,912/- | 1) Rs. 1500/- 2) Rs. 36039/- | 01/08/2026 to 17/08/2026 18:00 hrs |

- For more information and to download the tender documents, login to :- https:/tender.nprocure.com
- Hard copy of tender fee, EMD and other documents should be delivered to Executive Engineer, Gujarat Housing Board, Vadodara on or before dated 18/08/2026, 17:00 hrs by Speed post /By hand Delivery /Courier.
- Please note that all related details, notification, corrigendum & additional alteration will be uploaded on above website.
- The Housing Commissioner, Gujarat Housing Board, Ahmedabad shall have the right to accept or reject one or all tenders without giving any reasons.
- This tender notice will be considered as part of contract documents.

**(INF-VAD-534 - 26-27)** -----sd----- Executive Engineer, Gujarat Housing Board, Vadodara


# સરકારે સસ્તા વિદેશી પ્લાસ્ટિક કાચા માલ પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો

નવી દિલ્હી, તા.૩૧

ઘર બનાવવું ટૂંક સમયમાં વધુ મોંઘુ બનશે. ખેતી માટે પાણીની પાઈપલાઈન નાખવાથી કે ઘરમાં વાયરિંગ કરવાથી સામાન્ય વ્યક્તિનું બજેટ વધશે. સરકારે સસ્તા વિદેશી પ્લાસ્ટિક કાચા માલ પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. જોકે, આ નીતિગત નિર્ણયની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા પર પડશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે તાજેતરમાં સસ્પેન્શન-ગ્રેડ પોલીવિનાઈલ ક્લોરાઈડ રેઝિન માટે આયાત નિયમો કડક બનાવ્યા છે. આ એક પ્લાસ્ટિક કાચો માલ છે જેનો ઉપયોગ ઘરગથ્થુ પાણીની પાઈપો, ઈલેક્ટ્રિકલ વાયરિંગ કોટિંગ્સ, બારીની ફ્રેમ, પ્લાસ્ટિક પેકેજિંગ, અનેક તબીબી ઉત્પાદનો અને જૂતાના તળિયા બનાવવા માટે થાય છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે S-PVC રેઝિનની આયાત માટે $0.૭૬ (લગભગ રૂ. ૬૪) પ્રતિ કિલો કે તેથી ઓછા લઘુત્તમ આયાત ભાવ સાથે લાઈસન્સ મેળવવું ફરજિયાત બનાવ્યું છે. પીવીસી રેઝિનના ભાવમાં વધારો થવાની સંભાવના છે. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં $૧.૬૩ બિલિયનના રેઝિનની આયાત કરી હતી. ત્યારબાદ જાપાન, તાઈવાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, યુએસ, સિંગાપોર અને વિયેતનામનો ક્રમ આવે છે. આ દેશોમાંથી સરેરાશ આયાત કિંમત $0.૬૫ થી $0.૭૫ પ્રતિ કિલોગ્રામ હતી, જે ઙ્ગ્ત્ ની $0.૭૬ ની મર્યાદા કરતા ઓછી છે. આમ, હાલની આયાતનો મોટો ભાગ પ્રતિબંધોના દાયરામાં આવશે. ઘરના બાંધકામમાં પીવીસી પાઈપો, ફિટિંગ અને ઈલેક્ટ્રિકલ વાયરનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. જ્યારે કાચો માલ મોંઘો થાય છે, ત્યારે કંપનીઓ તેનો બોજ સીધો ગ્રાહકો પર નાખશે.

જિલ્લા કલેક્ટરે કરજણ ઓવરાની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી

# નર્મદા જિલ્લામાં સરેરાશ ૨૯ ઈંચ વરસાદ અંતરિયાળમાં પાણી ભરાતાં રસ્તાઓ બંધ

## ઉમાન ગામેથી ૨ પરિવારના ૭ સભ્યોને સલામત સ્થળાંતરિત કરાયા

રાજપીપળા,તા.૩૧

હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીના પગલે નર્મદા જિલ્લામાં મેઘરાજા આક્રમક રૂપમાં જોવા મળ્યા હતા, મધરાતથી જ સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો.નર્મદા જિલ્લાના વિવિધ તાલુકાઓના વરસાદની વાત કરીએ તો તિલકવાડામાં ૫.૨ ઈંચ, નાંદોદમાં ૫.૦૮ ઈંચ, ડેડિયાપાડામાં ૪.૯૨ ઈંચ, સાગબારામાં ૯.૨૪ ઈંચ, ગરૂડેશ્વરમાં ૬.૦૪ ઈંચ તથા ચીકદામાં ૨.૪ ઈંચ મળી જિલ્લામાં એક જ દિવસમાં સરેરાશ ૬ ઈંચ વરસાદ અને અત્યાર સુધીમાં ૨૯ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

તિલકવાડા તાલુકામાં ખેતરે ગયેલા એક ખેડૂત પાણીના પ્રવાહમાં ફસાઈ જતાં SDRFની ટીમે તેમને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.આ સિવાય તિલકવાડાના ગૌચરીયા ગામે પણ પાણીમાં ફસાયેલા અન્ય એક વ્યક્તિને SDRF દ્વારા સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.તો બીજી બાજુ ડેડિયાપાડા, સાગબારા, સેલંબા, ગરૂડેશ્વર વિસ્તારના મોટે ભાગના રસ્તાઓ પાણીના વહેણને કારણે બંધ કરવામાં આવ્યા છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા કલેક્ટર ગંગા સિંઘે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની અને કરજણ ઓવરાની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સુરક્ષાના ભાગરૂપે જિલ્લામાં SDRF અને NDRFની ટીમ તૈનાત કરવામાં આવી છે અને જે પણ પુલ કે કોઝવે ઉપરથી પાણી પસાર થઈ રહ્યા હતા ત્યાં વાહનવ્યવહાર બંધ કરાવી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

આ ઉપરાંત, ગરુડેશ્વર તાલુકાના ફૂલવાડી, ગરુડેશ્વર, સાંજરોલી, પાનતલાવડી, ધીરખાડી, અક્તેશ્વર અને જેતપુર ગામોમાંથી સગર્ભા બહેનોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકના આરોગ્ય કેન્દ્રોમાં ખસેડવામાં આવી હતી. તેમજ સાગબારા તાલુકાના ઉમાન ગામેથી ૨ પરિવારોના ૭ સભ્યોને સુરક્ષિત સ્થળે શિફ્ટ કરાયા હતા.આ તરફ રાજપીપળાના નરસિંહ ટેકરી વિસ્તારમાંથી ખસેડાયેલા નાગરિકોને રાજપીપળા નગરપાલિકાન સેક્ટર હોમ ખાતે ખસેડાયા હતા.

નદીના પ્રવાહમાં ફસાયેલા યુવકનું રેસ્ક્યુ:નર્મદા વહીવટી તંત્ર અને ગ્રામજનોની કામગીરીને CM ભૂપેન્દ્ર પટેલે બિરદાવી નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના ઝરીયા ગામે નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં તડવી શશીકાંત રમેશભાઈ નામના એક ૨૨ વર્ષીય યુવક ફસાઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતાં સ્થળ પર સરપંચ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને સ્થાનિક ગ્રામજનો તાત્કાલિક પહોંચી ગયા હતા. સૌએ ભારે જહમત બાદ યુવકને નદીમાંથી સલામત રીતે બહાર કાઢી બચાવી લેવામાં આવ્યો હતો. આ સફળ રેસ્ક્યુ કામગીરીને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા પર વિશેષ પોસ્ટ શેર કરીને બિરદાવી હતી. મુખ્યમંત્રીએ આ કામગીરીને "વહીવટી તંત્રની સજાગતા અને ગ્રામજનોની એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાવી પ્રશંસા કરી હતી.


**જાહેર નોટીસ સુધારો**

તા.૧૨-૦૭-૨૦૨૬ ના રોજ દૈનિક લોકસત્તા અખબારમાં પ્રસિધ્ધ થયેલ દસ્તાવેજ ખોવાઈ જવા અગેની જાહેર નોટીસમાં તારીખ ૨૦-૦૨-૨૦૨૩ દર્શાવાયુ છે. જે લેખન ભૂલ છે. તે તારીખ ૨૦-૦૨-૨૦૧૩ તરીકે વાંચવું અને ગણવું

ઓફીસ:- ૫૧૧, સેફોન કોમ્પલેક્ષ, ફતેગંજ, વડોદરા. 9714877610 — પરેશ પ્રકાશભાઈ ઠક્કર (એડવોકેટ-નોટરી)



**ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**
રજીસ્ટર્ડ ઓફિસ: પો.ઓ. નર્મદાનગર - ૩૯૨૦૧૫, જિલ્લો ભરૂચ, ગુજરાત, ભારત.
CIN: L24110GJ1976PLC002903, E-mail: investor@gnfc.in Website: www.gnfc.in

**શેરધારકોને સૂચના**

કંપનીના દાવો ન કરાયેલા ડિવિડન્ડ અને ઈક્વિટી શેરોનું ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF)માં ટ્રાન્સફર

આ નોટિસ કંપની અધિનિયમ, 2013 ("અધિનિયમ") ની કલમ 124(6) ની જોગવાઈઓ તથા રોકાણકાર શિક્ષણ અને સુરક્ષા નિધિ સત્તામંડળ (હિસાબ, ઓડિટ, હસ્તાંતરણ અને રિફંડ) નિયમો, 2016 ("IEPF નિયમો") તેમજ તેમાં સમયાંતરે કરવામાં આવેલા સુધારાઓ અનુસાર પ્રકાશિત કરવામાં આવી રહી છે.

IEPF નિયમો, અન્ય જોગવાઈઓ ઉપરાંત, એવી જોગવાઈ કરે છે કે જો કોઈ શેરધારક દ્વારા શેર પર જાહેર કરાયેલ ડિવિડન્ડ સતત સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી બિનદાવાકીય (Unclaimed) રહે, તો કંપનીએ તે શેરો તેમજ તે સંબંધિત બાકી રહેલા (અદાવા) ડિવિડન્ડની રકમ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ("IEPF") ઓથોરિટીને ટ્રાન્સફર કરવી ફરજિયાત છે.

નાણાકીય વર્ષ 2018-19 ના દાવો ન કરાયેલા ડિવિડન્ડને IEPF ઓથોરિટીમાં ટ્રાન્સફર કરવાની નિયત તારીખ 31 ઓક્ટોબર, 2026 છે. જે શેરો પર સતત સાત વર્ષ અથવા તેથી વધુ સમયથી ડિવિડન્ડનો દાવો કરવામાં આવ્યો નથી, તે સંબંધિત શેરો પણ અધિનિયમ અને IEPF નિયમોની જોગવાઈઓ અનુસાર IEPF ઓથોરિટીને ટ્રાન્સફર કરવામાં આવશે.

જ્યાં સક્ષમ અદાલત અથવા ટ્રિબ્યુનલ દ્વારા આવા શેરોના ટ્રાન્સફર પર પ્રતિબંધ મૂકતો કોઈ વિશિષ્ટ આદેશ હોય અથવા જ્યાં ડિપોઝિટરીઝ અધિનિયમ, 1996 હેઠળ શેરો ગીરો (Hypothecated) અથવા પ્લેજ (Pledged) કરવામાં આવ્યા હોય, તેવા કિસ્સામાં કંપની આવા શેરો IEPF ઓથોરિટીને ટ્રાન્સફર કરશે નહીં.

નિયમોના પાલનરૂપે, જે શેરધારકોના ડિવિડન્ડ અને સંબંધિત શેરો ઉપરોક્ત નિયમો મુજબ IEPF ઓથોરિટીને ટ્રાન્સફર થવા પાત્ર છે, તેમને વ્યક્તિગત નોટિસ/સંદેશ મોકલવામાં આવી રહ્યા છે.

આવા શેરધારકોની સંપૂર્ણ વિગતો કંપનીની વેબસાઈટ પર નીચેની લિંક પર ઉપલબ્ધ છે:
https://www.gnfc.in/wp-content/uploads/2026/07/GNFC-Continue-Seven-Year-Unpaid-Data.pdf

સંબંધિત શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ 31 ઓક્ટોબર, 2026 સુધીમાં તેમનો દાવો ન કરાયેલ ડિવિડન્ડ મેળવી લે. જો નિયત તારીખ સુધી કંપનીને સંબંધિત શેરધારક તરફથી કોઈ માન્ય દાવો પ્રાપ્ત નહીં થાય, તો કંપની અધિનિયમ અને IEPF નિયમોની જોગવાઈઓનું પાલન કરવા માટે નિયત પ્રક્રિયા અનુસાર સંબંધિત ડિવિડન્ડ તથા શેરો IEPF ઓથોરિટીને ટ્રાન્સફર કરશે.

કૃપા કરીને નોંધ લો કે દાવો ન કરાયેલ ડિવિડન્ડ તથા સંબંધિત શેરો IEPF ઓથોરિટીને ટ્રાન્સફર થયા બાદ, તે ડિવિડન્ડની રકમ અથવા શેરો અંગે કંપની સામે કોઈ દાવો કરી શકાશે નહીં.

એકવાર ડિવિડન્ડ અને શેરો તથા તે પર મળતા તમામ લાભો (જો કોઈ હોય) IEPF ઓથોરિટીને ટ્રાન્સફર થઈ જાય, ત્યારબાદ તે મેળવવા માટે માત્ર IEPF ઓથોરિટી સમક્ષ નિયત નિયમો મુજબ e-Form IEPF-5 દ્વારા અરજી કરી શકાશે.

ઉપરોક્ત બાબતે વધુ પૂછપરછ માટે, શેરધારકોને કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA), KFin Technologies Limited, Selenium, Tower – B, Plot No.31 & 32, Financial District, Nanakramguda, Serilingampally Mandal, Hyderabad-500032, Telangana State નો સંપર્ક કરવા વિનંતી છે. Tel. No.18003094001, ઈમેઈલ આઈડી: einward.ris@kfintech.com, વેબસાઈટ: https://www.kfintech.com

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ વતી,
રાજેશ પિલ્લઈ
કંપની સચિવ અને કમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ: ભરૂચ
તારીખ: 1 ઓગસ્ટ, 2026



**બેંક ઓફ બરોડા-બાજવા શાખા**
बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
તાલુકો – વડોદરા, જીલ્લો–વડોદરા રાજ્ય–ગુજરાત,
ફોનઃ ૯૬૮૭૬૮૯૧૪૫, ઈમેલઃ bajwa@bankofbaroda.com

APPENDIX IV [See Rule 8(I)] **મિલકતના કબજાને લગતી સુચના** (અચલ મિલકત)

નીચે સહી કરનાર સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાસનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તે કલમ ૧૩(૧૨) ના (નિયમ–૮) ની સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીની રૂઈએ નીચે જણાવેલ બાકી કરજદાર **શ્રી સોહેલ ગુલામફરીદ શેખ** ને ડીમાન્ડ નોટીસ **તા.૧૩.૦૪.૨૦૨૬** (૧૪.૦૫.૨૦૨૬ ના રોજ બે ન્યૂઝ પેપરમાં પ્રકાશિત) ના નોટીસ પાઠવીને બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ **રૂા. ૩૮,૬૩,૨૮૩.૫૫ (રૂા. આડત્રીસ લાખ ત્રેસઠ હજાર બસો ત્યાંસી અને પૈસા પંચ્યાવન પુરા) તા. ૧૩.૦૪.૨૦૨૬** ના રોજ (૧૩.૦૪.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત) સૂચનાની તારીખથી/ઉપરોક્ત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર વધુ વ્યાજ અને ખર્ચ સાથે.

બાકી કરજદાર / જામીનદાર / મોર્ટગેજર નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદાર / જામીનદાર / મોર્ટગેજર અને નાગરિકને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા નીચેં દર્શાવિલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ ૮ સાથે વાંચતા સબંધીત કલમ ૧૩(૪) ની સાથે વટહુકમ એક્ટ વાંચતા તેને/તેણીને પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર **સાંકેતિક કબજો તા. ૨૮.૦૭.૨૦૨૬** ના રોજ લીધો છે.

બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજ તથા સામાન્ય સંદર્ભમાં નાગરીકોને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, **બેંક ઓફ બરોડા** ની લેણા રકમ **રૂા. ૩૮,૬૩,૨૮૩.૫૫ (રૂા. આડત્રીસ લાખ ત્રેસઠ હજાર બસો ત્યાંસી અને પૈસા પંચ્યાવન પુરા) તા. ૧૩.૦૪.૨૦૨૬** ના રોજ (૧૩.૦૪.૨૦૨૫ સુધીના વ્યાજ સહિત) અને વ્યાજ પ્લસ તેના પરના બીજા ચાર્જીસ.

દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેક્શન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેકશન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઈ કરવામાં આવી છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો રહેણાંક ફલેટ, સર્વે નં. આર.એસ. નં. ૯૧૯/૧, ૯૧૯/૨, ૯૨૦ અને ૮૮૬, ટી.પી. નં. ૪ અને ૫, એફ.પી. નં. ૮,૯,૧૪,૩૮૧,૩૯૬,૪૧૯ અને ૫૪૬, સીટી સર્વે નં. ૭૩૮/પી, ૭૫૧/પી અને ૭૬૭/પી, શાલીમાર પાર્ક તરીકે ઓળખાતી સ્કીમ ૧ અને ૨ પૈકી સબ પ્લોટ/ફ્લેટ નં. સી/૩૩, પાણીગેટ–આજવા રોડ, ક્ષેત્રફળ ૧૦૦.૭૦ ચોરસ મીટર પૈકી ડેવલોપ ફ્લેટ ચોથા માળે ક્ષેત્રફળ ૮૮.૨૯ ચોરસ મીટર તેના પર સુપર બિલ્ટઅપ, કસબા વડોદરા સીટી વડોદરા જીલ્લો વડોદરા, ગુજરાત રાજ્ય–૩૯૦૦૧૧ જે શ્રી સોહેલ ગુલામફરીદ શેખ ની છે. ચતુર્સીમા આ પ્રમાણેઃ પૂર્વઃ ઓપન પ્લોટ, પશ્ચિમઃ સોસાયટી રોડ, ઉત્તરઃ માર્જીન પ્લોટ નં. સી–૩૪ ની બાજુમાં, દક્ષિણઃ ઓપન પ્લોટ.

તારીખઃ ૨૮.૦૭.૨૦૨૬ સ્થળઃ વડોદરા — સહી/- અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા



**બેંક ઓફ બરોડા-તલસટ શાખા**
बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
મુકામ– તલસટ, પોસ્ટ–અટલાદરા, જીલ્લો–વડોદરા–૩૯૦૦૧૨, ગુજરાત, ઈન્ડિયા. મો. ૯૦૯૯૯૭૫૩૬૨.
ઈમેલ:talsat@bankofbaroda.com

APPENDIX IV [See Rule 8(I)] **મિલકતના કબજાને લગતી સુચના** (અચલ મિલકત)

નીચે સહી કરનાર સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાસનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તે કલમ ૧૩(૧૨) ના (નિયમ –૮) ની સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીની રૂઈએ નીચે જણાવેલ બાકી કરજદાર **શ્રીમતી મીરાબાઈ જ્ઞાનેશ્વર માલી અને શ્રી જ્ઞાનેશ્વર માલાજી માલી ને ડીમાન્ડ નોટીસ તા.૧૮.૦૩.૨૦૨૬** ના પાઠવીને નોટીસ માં બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ **રૂા. ૨૧,૫૭,૨૦૯.૦૦ (રૂપિયા એકવીસ લાખ સતાવન હજાર બસો નવ પુરા) તા. ૧૮.૦૩.૨૦૨૬** ના રોજ (૧૮–૦૩–૨૦૨૬ સુધીના વ્યાજ સહિત) નોટિસની તારીખ/ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર વધુ વ્યાજ અને ખર્ચ સાથે ભરપાઈ કરવા જણાવેલ.

કરજદાર/જામીનદાર/મોર્ટગેજર નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા કોષ્ટકમાં દર્શાવિલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ રૂલ્સ ૮ ને સબંધીત કલમ ૧૩(૪) સાથે વટહુકમ એક્ટ વાંચતા તેને/તેણીને પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર મિલકત નો **સાંકેતિક કબજો તા. ૨૭.૦૭.૨૦૨૬** ના રોજ લીધો છે.

બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર તથા સામાન્ય સંદર્ભમાં જાહેર જનતાને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, **બેંક ઓફ બરોડા** ની લેણી રકમ **રૂા. ૨૧,૫૭,૨૦૯.૦૦ (રૂપિયા એકવીસ લાખ સતાવન હજાર બસો નવ પુરા) તા. ૧૮.૦૩.૨૦૨૬** ના રોજ (૧૮–૦૩–૨૦૨૬ સુધીના વ્યાજ સહિત) અને તેના પર વ્યાજ ઉપરાંત અન્ય શુલ્ક ના બોજાને આધીન.

દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેક્શન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેકશન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઈ કરવામાં આવી છે.

**અચલ સંપતી નું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો મિલકત નો પ્રોજેક્ટ/સ્કીમ જે બીન ખેતીલાયક તરીકે જાણીતો પ્લોટ ની જમીન મોજે બાબાજીપુરા, વડોદરા ની જમીન વિભાગ–બી, ટીક્કા નં. ૧૯૩, સી.એસ. નં. ૧૩૧ કુલ ક્ષેત્રફળ ૭૨.૭૪.૩૧ ચોરસ મીટર જે શિવમાલા એપાર્ટમેન્ટ તરીકે ઓળખાય છે પૈકી ચોથો માળ ફલેટ નં. એફ/૦૧, સુપર બિલ્ટઅપ બાંધકામ ૪૮.૩૨ ચોરસ મીટર એટલે કે ૫૨૦ ચોરસ ફુટ, ઓપન ટેરેસ ક્ષેત્રફળ ૩૭.૧૭ ચોરસ મીટર એટલે કે ૪૦૦ ચોરસ ફુટ તેનો રજીસ્ટ્રેશન જીલ્લો અને સબ જીલ્લો અને જીલ્લો વડોદરા, ગુજરાત રાજ્ય–૩૯૦૦૦૧, જે શ્રી જ્ઞાનેશ્વર માલાજી માલીનું છે અને ચતુર્સીમાઃ પૂર્વઃ લાગુ એસ. નં. ૭૩ મિલકત, પશ્ચિમઃ લાગુ એસ. નં. ૭૪ અને ૭૭ મિલકત, ઉત્તરઃ ઓપન ટેરેસ, દક્ષિણઃ રોડ.

તા.: ૨૭.૦૭.૨૦૨૬ સ્થળઃ વડોદરા — નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા



**બેંક ઓફ બરોડા-પદમલા શાખા**
बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
રણછોડજી મંદિર, પદમલા–૩૯૧૩૫૦, તાલુકો અને જીલ્લોઃ બરોડા,
ફોનઃ૯૧–૨૬૫–૨૨૪૨૬૯૨, ઈમેલ:padaml@bankofbaroda.com

પરિશિષ્ટ – IV - [રૂલ ૮ (૧)] **કબજા અંગેની નોટિસ** (સ્થાવર મિલ્કત માટે)

નીચે સહી કરનાર સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાસનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ તે કલમ ૧૩(૧૨) ના (નિયમ–૮) ની સાથે વાંચતા સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ **બેંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીની રૂઈએ નીચે જણાવેલ બાકી કરજદાર/ જામીનદાર /મોર્ટગેજર **મોરી જયપાલસિંહ** ને ડીમાન્ડ નોટીસ **તા.૧૮.૦૪.૨૦૨૬** ના પાઠવીને નોટીસ માં બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ **રૂા. ૩૦,૬૦,૭૭૫.૦૦ (રૂા. ત્રીસ લાખ સાંઈઠ હજાર સાતસો પંચ્યોત્તર) ૧૮.૦૪.૨૦૨૬** ના રોજ નોટિસની તારીખ અથવા સદરહુ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, વધારાના વ્યાજ અને ખર્ચ સહિત ચૂકવવાપાત્ર.

બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર અને નાગરિકને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા નીચેં દર્શાવિલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઈન્ટરેસ્ટ રૂલ્સ ૮ ને સબંધીત કલમ ૧૩(૪) ની સાથે વટહુકમ એક્ટ વાંચતા પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર તેણે/તેણીએ મિલકતનો **કબજો તા.૨૭.૦૭.૨૦૨૬** ના રોજ લીધો છે.

બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજર તથા સામાન્ય સંદર્ભમાં નાગરીકોને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, **બેંક ઓફ બરોડ** ની બાકી લેણા રકમ **રૂા. ૩૦,૬૦,૭૭૫.૦૦ (રૂા. ત્રીસ લાખ સાંઈઠ હજાર સાતસો પંચ્યોત્તેર) ૧૮.૦૪.૨૦૨૬** ના રોજ અને વ્યાજ પ્લસ અને અન્ય ચાર્જીસ ચુકવવા આધિન.

ગીરવે રાખેલ અસ્કયામતો આપેલા સમયમાં છોડાવવા અંગે કરજદારોનું કાયદાના સેક્શન ૧૩ ના સબ–સેક્શન (૮) ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

**અચલ સંપતી નું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો સ્થાવર મિલકત નો ફ્લેટ નં. એ–૬૦૨, ટાવર–એ, હરી સાંઈ શરનમ્, ડિપીએસ સ્કુલ પાસે, ઉમેશ્વર મહાદેવ રોડ, મોજે દંતેશ્વર, વડોદરા જે મોરી જયપાલસિંહ ના નામે છે. Security Id in Cersai: 400097279242. ચતુર્સીમાઃ પૂર્વઃ ફ્લેટ નં. ૬૦૩, પશ્ચિમઃ ફ્લેટ નં. ૬૦૧, ઉત્તરઃ દર્શન ગ્રીન બંગલો, દક્ષિણઃ ટેરેસ.

તા.: ૨૭.૦૭.૨૦૨૬ સ્થળઃ પદમલા — નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા



**AARCON FACILITIES LIMITED**
REG OFFICE 401-402, Earth Complex,
Opp. Vaccine institute, Old Padra Road, Vadodara, Gujarat – 390015
Email . rbgfin@gmail.com CIN -L65910GJ1993PLC019057,
Website: www.aarconfacilities.com

**Extract of Financial Results for the quarter and nine months ended 30th June, 2026**
(₹ in Lakhs, except per equity share data)

| Sr. No | Particulars | Standalone Quarter ended 30/06/2026 | Standalone Quarter ended 31/03/2026 | Standalone Quarter ended 30/06/2025 | Standalone Year ended 31/03/2026 |
|---|---|---|---|---|---|
| | | Unaudited | Audited | Unaudited | Audited |
| 1 | Total Income From Operations | 8.51 | 9.76 | 7.55 | 43.87 |
| 2 | Net Profit / (Loss) for the period (Before Tax and Exceptional items) | 5.98 | 12.01 | 8.45 | 36.38 |
| 3 | Net Profit / (Loss) for the period (Before Tax and after Exceptional items) | 2.53 | (2.25) | (0.90) | 7.49 |
| 4 | Net Profit / (Loss) for the period (after Tax and Exceptional items) | 2.53 | (2.25) | (0.90) | 7.49 |
| 5 | Total Comprehensive income for the period (Comprising Profit / (Loss) for the period (After tax) and other Comprehensive Income (after tax) | 2.53 | (2.25) | (0.90) | 7.49 |
| 6 | Paid up equity share capital (Face Value of ₹ 10/- each) | 478.69 | 506.19 | 506.19 | 506.19 |
| 7 | Reserve (excluding revaluation reserves as per balance sheet) | | | | |
| 8 | Earning per share (Face value of Rs. 10/- each)Basic & Diluted (*not annualized) | 0.05 | (0.01) | (0.01) | (0.01) |

Notes: The above is an extract of the detailed format of the Unaudited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the Securities Exchange Board of India (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The Unaudited Financial Results & this extract were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 30th July, 2026. The full Format of the Unaudited Financial Results is available on the stock exchange websites, www.bseindia.com and on the Company's website www.aarconfacilities.com

Place : Vadodara
Date :31th July, 2026

FOR AARCON FACILITIES LIMITED
BHARAT RAMCHANDRA GUPTA
Managing Director
DIN: 00547897



**20 MICRONS® LIMITED**
**CIN:** L99999GJ1987PLC009768
**Regd. Office:** 9-10, GIDC Industrial Estate, Waghodia - 391 760. Dist.: Vadodara
**Ph.:** 75748 06350 **E-mail:** co_secretary@20microns.com **Website:** www.20microns.com

**Statement of Unaudited Financial Results (Standalone and Consolidated) for the Quarter ended June 30, 2026**

The Board of Directors of the Company, at its meeting held on **Friday, July 31, 2026** approved the Unaudited Financial Results (Standalone and Consolidated) of the Company for the Quarter ended June 30, 2026 ("Financial Results").

The Financial Results have been posted on the Company's website and are accessible at:
**https://www.20microns.com/financial-result**

You may also access the results by scanning the QR code below:

For and on behalf of the Board of Directors
**20 Microns Limited**

**Place** : Waghodia
**Date** : July 31, 2026

**Rajesh C. Parikh**
**Chairman & Managing Director**
DIN: 00041610

**Note:** This intimation is made pursuant to Regulation 33 & 52 read with Regulation 47(1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.